

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*જાતિ-ધર્મનું ચાલે ચલણ, આપણી કરુણતા છે,*
*થાય મતભેદનું કારણ, આપણી કરૂણતા છે,*
*મંદબુદ્ધિ હાથમાં હથોડો, આપણી કરૂણતા છે,*
*પહોંચી જાય 'સુપ્રીમ' પદે આપણી કરૂણતા છે.*

### હાઈકુ

*સૈન્ય પ્રવૃત્તિ -*
*પ્રચારલીલાથી તો*
*અળગી રાખો!*
*(યુવતીઓ દ્વારા કાર્યવાહી)*

*કરે છે મ્યાંઉ!*
*હવે સરકારને જ*
*પાળેલી બિલ્લી...*
*(માથાભારે સંચાલકો)*

*(- રાજનાથ)*

### ચિંતન

**ન ચક્ષુષઃ સમં જ્યોતિરસ્તિ ।**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**દૃષ્ટિ સમાન જયોત અન્ય કોઈ નથી.**

**દૃષ્ટિ ના હોય તો સમગ્ર સંસાર અંધકારમય બની જાય છે. આથી, દૃષ્ટિને સર્વ જ્યોતિમાં શ્રેષ્ઠ માનવામાં આવી છે.**

**આપણી પાસે 'દૃષ્ટિ' 'નજર' જોઈ શકવાની શક્તિ છે એટલે પ્રકૃતિના રંગો, કુદરતી વનસ્પતિઓ - પશુપંખીઓ હાવ-ભાવ માણી શકાય છે દૃષ્ટિ વિના બધે જ અંધકાર છે.**

**દૃષ્ટિ હોવી અને 'નજર' હોવીમાં પણ મોટો તફાવત છે. નજર હોય છતાં ઘણાં લોકો હાવભાવ-આંખની વાત - હૃદયની વાત જોઈ નથી શકતા એ અલગ વાત છે.**

**નજર ન હોય તો 'ધ્યાન' થી 'દિવ્ય' દૃષ્ટિ પણ પ્રાપ્ત થઈ શકે છે.**

### સુવિચાર

- કેળવણી વ્યક્તિમાં સંસ્કાર પૂરે, અને છતાં સમષ્ટિ ને ન ભૂલે, સ્વેચ્છાચાર એ જેમ સંસ્કાર નથી, તેમ જ્ઞાનહીત ક્રિયા એ વિદ્યા નથી - **ધૂમકેતુ**
- ચતુર માણસ લક્ષ્મી મેળવે છે, નીરોગી માણસ શારીરિક સુખ મેળવે છે, ઉદ્યમી માણસ સ્વ વિદ્યાઓનો પાર પામે છે, તેમ જ વિજયી માણસ ધર્મ, અર્થ અને યશ મેળવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વિશ્વ વિદ્યાલયોથી પણ મોટું વિદ્યાલય જીવનનું વ્યાહારિક ક્ષેત્ર છે, જયાં મૃત્યુ પર્યંત મનુષ્ય કોઈને કોઈ નવીન જ્ઞાન શીખતો જ રહે છે - **રામધારીસિંહ દિનકર**
- અનીતિથી દૂર રાખનાર અને નીતિથી સુખ તથા માન વધારનાર કેળવણી જ છે - **નર્મદ**
- પુણ્ય વિનાની વિદ્યા શરીરનો થાક માત્ર છે - **સ્વામી રામતીર્થ**
- વગર અભ્યાસે વિદ્યા ઝેર સમાન છે, જયારે અપચામાં ભોજન ઝેર સમાન છે - **હિતોપદેશ**
- આજનું ઔષધ : એલચીને બાળીને તેની ભસ્મને એક તોલા મધ નાની એક ચમચી ઘી સાથે લેવાથી સૂકી ખાંસી મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ગુરુ ગુસ્સામાં કે ખૂશીમાં જે કંઈ આપે, કહે તેમાં સંપૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસ રાખવાથી એ પુણ્ય પ્રસાદ અને આશીર્વાદ થઈ જાય છે.

એક સંત પાસે એમનો શિષ્ય કાયમ કંઈક ગુરુ પ્રસાદીની માંગણી કર્યા કરતો. સંત કાયમ એમ કહ્યા કરતા હજી વાર છે. એક વખત સંત ધ્યાનમાં બેઠા હતા અને પેલા શિષ્યએ પગ પકડીને સમાધિમાંતી ઉઠાડીને ગુરુ પ્રસાદીની માંગણી કરી. સંતે ક્રોધમાં આવી લાકડી ઉપાડીને તેની તરફ ફેંકી. એ લાકડી માથે ચડાવી શિષ્ય વિદાય થયો. તેણે દૂરના એક ગામમાં જઈ એ લાકડીની પ્રેમભાવથી પૂજા કરવા લાગ્યો. ગામના લોકોને પણ લાકડી ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ બેઠો. લોકો લાકડીના દર્શને આવી ધન્ય થવા લાગ્યા. બાજુના ગામના શેઠ જે નિઃસંતાન હતા અને લાકડીના દર્શનથી સંતાનનાપિતા બન્યા. શ્રીમંત શેઠે રાજી થઈ નાનું પણ સુંદર મંદિર બનાવી લાકડીની પ્રતિષ્ઠા કરી આપી. શિષ્ય પણ હવે મહંતજી તરીકે પ્રખ્યાત થયા. થોડા વરસો પછી પેલા સંત આ મંદિરની મુલાકાતે પધાર્યા. પોતાના જૂના શિષ્યના માનપાન જોઈ સંત પણ ખૂબ રાજી થયા અને શિષ્યને પૂછ્યું, 'આ શું બધું ??' શિષ્યએ મસ્તક નમાવી જવાબ આપ્યો, 'મહારાજ આપ જ મારા ગુરુ છો અને આપે જ ફટકારેલી આ લાકડી મારા માટે દિવ્ય પ્રસાદી છે. તેની કૃપા વડે જ આ બધા ભક્તિભાવ અને માનપાન મને મળ્યા છે. ગુરુ સંતને ખ્યાલ આવ્યો કે શિષ્યને મારામાં પૂર્ણ વિશ્વાસ હતો માટે પરમાત્માએ શિષ્યને ઉત્તમ ફળ આપેલું છે.'

# તીન તલાક... રાષ્ટ્રીય ચર્ચા

**તંત્રીસ્થાનેથી...**

સુપ્રીમ કોર્ટમાં તીન તલાક મુદ્દે ચાલી રહેલી ચર્ચા દેશના ઈતિહાસમાં કદાચ પહેલી જ વખત દરેક સમજુ નાગરિકના મનમાં પડેલી આ વિશેની અવઢવને વાચા આપી રહી છે. એમિક્સ ક્યુરીની ભૂમિકામાં ખુદ વરિષ્ઠ કોંગ્રેસી નેતા સલમાન ખુરશીદે તેન તલાકને ખુદાની નજરોમાં પાપ ગણાવ્યું છે. જો એ ખુદાને ન ગમતી બાબત હોય તો એનો કુરાન કે શરિયત કઈ રીતે સ્વીકાર કરી શકે ? સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ખેહરની આગેવાનીમાં પાંચ ન્યાયાધીશોની બેંચ દ્વારા આ મુદ્દે સુનાવણી ચાલી રહી છે, જેની ફળશ્રુતિ અંગે ન્યાયિક પીઠે પહેલાંથી જ સ્પષ્ટતા કહી છે કે જો તીન તલાક ધર્મસંગત મુદ્દો હશે તો અદાલત એ વિશે કોઈ જ આદેશ જારી નહીં કરે. વિવિધ ઈસ્લામિક પરંપરાઓ તીન તલાકને કાયદેસર ગણતી રહી હોય તો પણ આ પદ્ધતિ લગ્ન જેવા પવિત્ર સંબંધને ખતમ કરવાનું સૌથી ધૃણાસ્પદ અને અનિચ્છનીય પગલું છે એવી ટિપ્પણી કરીને સર્વોચ્ચ અદાલતે મુસ્લિમ સ્ત્રીઓ સાથે થતા ક્રૂર વ્યવહાર સામે નારાજગી વ્યક્ત કરી છે. અનેક મુસ્લિમ રાષ્ટ્રોમાં તીન તલાક પર પ્રતિબંધ છે, જેમાં પાકિસ્તાન જેવા કટ્ટરવાદી દેશ પણ સામેલ છે. કુરાન કે શરિયતમાં તીન તલાકને માન્યતા નથી. ખુદ પયગંબર સાહેબ આ પ્રથાના સમર્થક નહોતા. વરિષ્ઠ ન્યાયવિદ રામ જેઠમલાણીએ આ વ્યવસ્થા ભારતના બંધારણની કલમ-૧૪ અને ૧૫નો ભંગ કરતી હોવાનું જણાવી એના પર પ્રતિબંધ મૂકવાની તરફેણ કરી છે. મુસ્લિમ પર્સનલ બોર્ડ તીન તલાકમાં સંશોધન કરવાનો અધિકાર સરકારને નહીં હોવાનું માનતું હોવા છતાં એ ક્રૂર અને અનિચ્છનીય પ્રથા છે એટલું તો સ્વીકારે જ છે. સલમાન ખુરશીદે કહ્યું છે એમ એક સાથે ત્રણ વાર તલાક બોલી નાખી સંબંધનો અંત આણવો બરાબર નથી. મુસ્લિમ મહિલાને ત્રણ મહિના સુધી એની વર્તણૂક સુધારવાની તક અપાય અને છતાં એના ગેરવાજબી વર્તનમાં ફરક ન પડે તો ત્રીજી વાર તલાક બોલવાની પ્રથાને બદલે મૌલવીઓએ એક ઝાટકે ત્રણ વાર તલાક બોલી લગ્નનો અંત આણવાને વાજબી ઠેરવ્યું છે જે બરાબર નથી. આમ છતાં, સરકારે ધાર્મિક પરંપરાઓમાં હસ્તક્ષેપ કરવાની જરૂર નથી અને જે કંઈ સંશોધન કે સુધારા થાય તે સામાજિક સ્તરે અને સમજણપૂર્વક મુસ્લિમો પોતે જ કરે તે ઉચિત લેખાશે, એવો અભિપ્રાય ખુદ એમિક્સ ક્યુરીએ આપવો પડ્યો છે તે ઘણી કમનસીબ બાબત છે. સ્ત્રીને અન્યાયકર્તા પ્રથા જેમાં બંધારણ દ્વારા અપાયેલ સમાનતાના અધિકારનો છડેચોક ભંગ તથો હોય, એને ધાર્મિક અંચળો ઓઢાડી પકડી રાખવી એ તો ઘડિયાળના કાંટા પાછઆ ફેરવવા જેવી બાબત છે. જો પાકિસ્તાન સહિત અફઘાનિસ્તાન, મોરક્કો અને જયાં ઈસ્લામના પયગંબર પેદા થયા તે સાઉદી અરબ જેવા દેશો ટ્રિપલ તલાકને માન્યતા ન આપતા હોય તો ભારત જેવા લોકતંત્રમાં એવી ધૃણાસ્પદ પ્રથાને સ્થાન હોઈ જ ન શકે. પરંતુ મુસ્લિમ પર્સનલ બોર્ડ એને ધાર્મિક મુદ્દો ગણી સરકાર કે અદાલત એમાં હસ્તક્ષેપ ન કરે, એવો આગ્રસ સેવે છે. યોગાનુયોગ મુસ્લિમ પર્સનલ બોર્ડના વકીલ તરીકે વરિષ્ઠ કોંગ્રેસી કપિલ સિબ્બલ દલીલો કરી રહ્યા છે. કોંગ્રેસને એની આજની સ્થિતિ સુધીની અવદશાનું મૂળ કારણ કેમ નથી સમજાતું હોય ? વોટબેંકની રાજનીતિમાં એ તીન તલાક જેવી અમાનવીય પ્રથાનું પણ આડકતરું સમર્થન કરતી રહેશે તો હવે જાગૃત બનેલી મુસ્લિમ મહિલાઓ પણ ભારતીય જનતા પાર્ટીને સાથ આપવાનું પસંદ કરશે. ઉત્તરપ્રદેશની ચૂંટણી ટાણે રાજકીય મુદ્દો બની ગયેલ 'તીન તલાક' આગામી ચૂંટણીઓમાં પણ ગૂંજતો રહેશે અને અદાલત કદાચ કોઈ ચોક્કસ આદેશ ન કરે તો પણ આ બાબતે અત્યાર સુધી મૌન રહેલા તંત્રમાં મોદીશાસન દરમિયાન સળવળાટ ઊભો થતો, તેની વિવિધસ્તરે પૉઝિટિવ નોંધ લેવાશે.

# પ્રાણીઓ અને પાણીની અછત



**વનસૃષ્ટિનો પરિચય**

હેમંત સુથાર

'જલ એજ જીવન' ઉક્તિ પૃથ્વીના સર્વ જીવો માટે એટલી જ સત્ય છે જેટલી માનવો માટે. તેનાથી આગળ વધીને કહીએ તો વનસ્પતિ માટે પણ પાણીની અનિવાર્યતા સમજી શકાય તેમ છે. પાલતું પ્રાણીઓની પાણીની જરૂરિયાતો તેમના માલિકો દ્વારા પુરી પાડી શકાય છે. પરંતુ વેરાન કે જંગલ વિસ્તારમાં રહેતા પ્રાણીઓ તેમની પાણીની જરૂરિયાતો કુદરતી સ્ત્રોતો દ્વારા જ પ્રાપ્ત કરતાં હોય છે. ઉનાળાની ઋતુ હોય કે શુષ્ક અને રણ વિસ્તારના પ્રાણીઓ હોય તેમને પાણીની અછતનો વિકટ સામનો કરવો પડયો હોય છે.



જે પ્રાણીઓને પાણીના અભાવમાં કે અછતમાં જીવવું પડતું હોય છે તેવા પ્રાણી તેમની પાણીની જરૂરિયાત ખાસ પ્રકારના ખોરાક કે ચયાપચયની ક્રિયા દ્વારા મેળવતાં હોય છે. ઓછા પાણી કે પાણી વગરની સ્થિતિમાં જીવવા માટે આવા પ્રાણીઓ વિવિધ પ્રકારની દૈનિક ક્રિયાઓ કે અનુકૂલનો સાધના હોય છે. જેમાં શીત સમાધિ, ભેજનું નિયમન અને સ્થળાંતર કરતાં હોય છે.

દુર્ગમ, વેરાન, શુષ્ક પ્રદેશના હરણ - મૃગ જેવા તૃણાહારી પ્રાણીઓ જે પ્રકારના રસદાર કે પાણીદાર વનસ્પતિઓ ખાય છે તેમાંથી તેમની પાણીની જરૂરિયાતોની પુર્તતા થાય છે. આવા સ્થળોના પ્રાણીઓ લાંબા સમય સુધી પાણી પીધા વગર ચલાવી શકે છે.

માંસાહારી પ્રાણીઓ જેવા કે વાઘ, સિંહ, દીપડા વગેરે જે પ્રાણીઓ શિકાર કરે છે તેવા પ્રાણીઓના રૂધિરમાંથી આવા પ્રાણીઓ ચયાપચય દ્વારા તેમની પાણીની જરૂરિયાત સંતોષે છે અને લાંબા સમય સુધી પાણી વગર રહી શકે છે.

પાણીની અછતવાળા પ્રાણીઓ માટે પીવાના પાણી જરૂરિયાત મુજબની પાણી પીવાની ટેવો કે તેના વિકલ્પોની સાથે સાથે શરીરમાં રહેલ પાણીનો સંચય પણ મહત્ત્વનું છે તેવા પ્રાણીઓ ખાસ શારીરિક અનુકૂલનનો ધારણ કરે છે. શુષ્ક અને રણ પ્રદેશના પ્રાણીઓની શરીરની ચામડી પ્રમાણમાં જાડી, અભેદ્ય, વધુ રૂંવાટી વાળી કે વાળ વાળી હોય છે. સસલાં, શિયાળ, વરુ કે લોંકડી જેવા પ્રાણીઓના શરીર પર વાળ, રૂંવાટી વધુ હોય છે આ બધાની પંછડી મોટા વાળ કે રૂંવાટીવાળી હોય છે. આવા પ્રાણીઓના કાન પણ લાંબા હોય છે જે શરીરનું તાપમાન કાબુમાં રાખવામાં મદદરુપ બને છે.

શુષ્ક અને રણ પ્રદેશના પ્રાણીઓની શ્વસન ક્રિયા દરમિયાન પણ પાણીનું ઉડી જવું વધુ પડતું હોય છે તેને ધ્યાનમાં રાખીને આવા પ્રાણીઓના નાક નળાકાર અને લાંબા હોય છે તેઓના ફેફસાં પણ શરીરમાં ઊંડાણવાળા ભાગે હોય છે. ઊંટ જેવા પ્રાણીઓના શરીરમાં પાણી સંગ્રહ કરતી ખાસ કોથળીઓ પણ હોય છે.

શુષ્ટ કે રણ પ્રદેશોના પ્રાણીઓ જમીન સપાટીમાં નીચેના ભાગે દર, બખોલ કે ગુફા બનાવીને રહેતાં હોય છે. આવા ભાગમાં ઠંડક હોય છે અને સૂરજના તાપ કે ગરમીથી રક્ષણ મળી રહે છે જે પાણીની જરૂરિયાતને ઘટાડે છે. આવા વિસ્તારના પ્રાણીઓ દિવસ દરમિયાન સૂર્ય તાપથી, ગરમીથી બચવા માટે તે સમયે તેવો નિષ્ક્રિય રહે છે. આવી ઋતુઓ દરમિયાન ગ્રીષ્મ સમાધિ (Aestivation) માં પણ ચાલ્યા જાય છે. જે ૬ થી ૮ મહિના ફરમાવે છે.

એક અછતથી સાવચેત એટલે કે તે પ્રમાણે દિનચર્યા કે જીવનચક્રમાં જીવતાં પ્રાણીઓ અને બીજા અછતનો સામનો કરી શકતાં પ્રાણીઓ એમ બે ભાગમાં આવા પ્રાણીઓને વહેંચી શકીએ.

**(ક્રમશઃ)**

# હવે, પદ, પૈસો અને પ્રભાવથી મળશે 'કવિપદ'



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

ફેસબૂક અને વોટ્સપ પર હમણા હમણા કવિઓ અને લેખકોની ખુબ બોલબાલા છે. અને એમાંય ખાસ કરીને સ્ત્રી કવિઓ ( કવયિત્રીઓ)ની વિશેષ. આમ જોઈએ તો આજે ''કવિપદ'' સાવ મફતમાં મળતું થઈ ગયું છે. આને કારણે સૌ ફેસ-વોટ્સપિયા કવિઓ પોતાનાથી જ અંજાઈ જાય છે. અને પછી પોતાને કવિ કલાપીના વંશજ માનવા લાગે છે. એમાંય વળી આવા કવિ – કવયિત્રીઓ જો એકાદ બે સાહિત્યની શિબિરોમાં ભાગ લઈ આવે પછી તો કહેવું જ શું ? એ ઘરમાં પણ દિવાલ પર ટીંગાતા કેલેન્ડરમાં હિમાલયનો ફોટો જોઈને ઠંડી અનુભવે છે. કોઈ ચિત્રમાં ગરીબ બાળકનો ફોટો જોઈને પણ તેમનું હદય દ્રવિત થઈ જાય છે. એમના માનસમાં એવું દૃઢ થઈ જાય છે કે હવે પોતાને અસલ 'સાહિત્ય પદારથ' લાધી ગયું છે. ઘણા ઉત્સાહી યુવા કવિ-કવયિત્રીઓ અત્યારે ફેસ-વોટ્સપમાં ધૂમ-૩ મચાવે છે. ખાસ કરીને નવી નવી કવયિત્રીઓ. આ બધાને મન ફેસબૂક અને વોટ્સપ એ જ સાહિત્ય પ્રગટ કરવાનું સૌથી મોટું માધ્યમ છે. એમને ''શબ્દસૃષ્ટિ, પરબ, કુમાર, કવિલોક, કવિતા, બુદ્ધિપ્રકાશ, નવચેતન, નવનીત સમર્પણ, અખંડ આનંદ, ગઝલવિશ્વ, ધબક, તાદર્થ્ય '' આવા કોઈ પણ સામયિક સાથે કશી જ લેવાદેવા નથી. મોટાભાગના અને ભાગનીઓને તો ખબર પણ નહી હોય કે સાહિત્યજગતમાં આવા સામયિકો પ્રગટ થાય છે. હું ઘણી વખત કહું કે ''શબ્દસૃષ્ટિ, પરબ, કુમાર'' વાંચો અને એમાં રચનાઓ મોકલો... તો મને પૂછે કે 'એ શું છે ?' આનું એક કારણ એ પણ હોઈ શકે કે આજે તેજ ગતિનો યુગ છે. આ બધા સામયિકોમાં રચનાઓ મોકલવી અને એ જો સ્વીકૃત થાય તો ચાર છ મહિને છપાય, એટલી રાહ કોણ જૂએ ? અને એમાંય જો અસ્વીકૃત થઈ તો ચાર છ મહિનાની પ્રતિક્ષા ઉપર પાણી ફરી વળે. જ્યારે ફેસબૂકમાં તો આપણી રચના પોસ્ટ કરી નથી કે રાહ જોઈને બેઠેલા આપણા નવરાધૂપ પ્રશંસકોની કૉમેન્ટ્સ અને લાઈકની પડાપડી થાય છે. અને આપણામાં કવિ કલાપીનો પૂનરુદય છે

આવી નવી નવી શિખાઉ કવયિત્રીઓ કે કવિઓ જ્યારે કોઈ મૉલમાં કે થિયેટરમાં કે લગ્નપ્રસંગે તૈયાર થઈને જાય છે ત્યારે પોતાની જાતને એક મહાન સેલિબ્રિટી સમજીને ધીમી ધીમી ચાલે પ્રવેશ કરે છે અને એમાંય વળી જો કોઈ એક બે વ્યક્તિ આવીને કહે કે ''મેડમ, તમે જ સુ.શ્રી.તૃષ્ણાકુમારી ને ? હું આપને ફેસબૂક પર વાંચું છું. આપ ખુબ સારું લખો છે.'' એમ કહીને હાથ મિલાવીને તેમની સાથે ફોટો પડાવે તો સુ.શ્રી તૃષ્ણાકુમારી એ વખતે પોતાની જાતને માધૂરી દીક્ષિત કે દીપિકા પાદુકોણ સમજતી થઈ જાય છે. જ્યારે પેલા ભાવકને તો પોતાની સાથે આવેલા મિત્રો સામે સીન નાખવો હોય છે કે જોયું ને મને આવી છોકરીઓ પણ ઓળખે છે. અને એનાથી વિશેષ એને તો સુ.શ્રી તૃષ્ણાકુમારી સાથે હાથ મિલાવવામાં જ રસ હોય છે. એનો રોમાંચ અને રોમાંસ એ ક્યાંય સુધી અનુભવે છે. આપણે ત્યા હજી એટલું સારું છે કે સ્ત્રી – પુરુષ જાહેરમાં પ્રસંગોપાત એકબીજાને ભેટી શકતા નથી. નહિતર આવી ફેસબૂકિયા કવયિત્રીઓનો ચાહક વર્ગ કવિશ્રી રમેશ પારેખ, અનિલ જોશી, માધવ રામાનુજ કે વિનોદ જોશીના ચાહકવર્ગથી પણ વધી જાય એમ છે.

ફેસબૂકમાં ઘણા હિંમતબાઝ કવિઓ તો અન્યની કવિતાઓની સીધી કોપી કરીને નીચે પોતાનું નામ લખીને પોસ્ટ કરીને લોકોની ખુબ વાહ વાહ લૂંટતા હોય છે. અને આવું જ વોટ્સપ ગ્રૂપોમાં પણ ચાલતું હોય છે. આજે વોટ્સપિયા કવિઓનો પણ રાફડો ફાટ્યો છે. જાત જાતના ને ભાત ભાતના જોડકણા જોડીને રદિફ-કાફિયા મેળવીને ગીત ગઝલના નામે ખપાવીને રોજ સવારે આપણા માથે મારે છે. આ વોટ્સપિયા કવિઓ એટલું જનૂન પૂર્વક લખે છે કે આખો દિવસ ને રાત તેઓ મોબાઈલમાં જ રચ્યા પચ્યા રહે છે. અને આવા અકવિઓ કદી પણ પેન, કલમ કે કાગળનો ઉપયોગ પણ નથી કરતા. જોડકણું સીધું જ મોબાઈલના સ્ક્રીન ઉપર અવતરે. અથવા કોઈની ઊઠાંતરી કરી પોતાના નામે ખપાવી સવારના પહોરમાં હજી આપણે ઊઠ્યા પણ ના હોઈએ અને ત્યા આવા નનવ્ય કવિઓ આવી ચોરેલી કે જોડેલી રચના આપના શીરે ફોડે છે. એ વખતે આપણને એમ થાય છે કે જો આ મોકલનાર કવિ આપણી સામે હોય તો એક ક્ષણનો ય વિલંબ કર્યા વિના એને શહીદ કરી દઈએ.

આમ જોઈએ તો આ ફેસબૂક અને વોટ્સપ એ ૨૧મી સદીનું સૌથી મોટું ક્રિએટીવ વ્યસન છે. જેનાથી છૂટવું લગભગ અશક્ય છે. આપણા દેશના યુવાધનની સોનાથી પણ કિંમતી કરોડો – અરબો-ખરબો કલાકો આની પાછળ બગડે છે. આ કલાકોનો દેશ માટે જો ઉપયોગ કરવામાં આવે તો ... પણ એ જૂદી ચર્ચાનો વિષય છે.

આજના આ નનવ્ય કવિઓને કવિતા કરતા કવિ બનવામાં વધુ રસ છે. કવિતા કેવી લખાય છે કે જે લખ્યું છે તે કવિતા છે કે નહીં ? એ જાણવામાં સહેજેય રસ નથી. બસ બધા કવિ તરીકે ઓળખે એ જ મહત્વનું છે. આ કવિપદ પામવાનો સૌથી મોટો અભરખો કેટલાક પદાધિકારીઓને પણ છે. એનું કારણ એ છે કેટલાક પદાધિકારીઓ ખરેખર સારું લખતા હોવાથી મુશાયરાઓમાં એમની વાહ વાહ થતી જોઈને એમની જેમ બીજાપદાધિકારીઓને પણ થાય કે આવું તો આપણે ય લખી શકીએ. અને પછી બે ચાર જોડકણા લખીને કોઈ સામાન્ય કવિને બતાવે અને પછી જો એ સામાન્ય કવિ લેભાગું હશે, એને લાગશે કે આ સાહેબ મોટા અધિકારી છે ને ક્યારેક કામ આવશે તો એમની સાવ ભંગાર કવિતાના પણ મોં ફાટ વખાણ કરીને પેલા પદાધિકારી જીવનું હવાધિકારી જીવમાં રૂપાંતર કરી નાખે છે. એનામાં એટલી બધી હવા ભરી દેશે કે પછી એ ફૂગ્ગો ઊડ્યા જ કરે છે. અને એ સાંજે પેલો પદાધિકારી જીવ ઘેર મહાન કવિ બનીને જાય છે.

ગુજરાતી સાહિત્યમાં કાર્યક્રમ આયોજન – સંચાલનનું પણ એક મોટું બખડજંતર ચાલે છે. અહીં કેટલાક સારા કવિઓને બાદ કરતા ખુદ કવિઓ આયોજક-સંચાલક બનીને ચારે બાજુ ફરી વળે છે. અને આવા કવિપદપ્રતિષ્ઠા મેળવવાના લાલચુ પદાધિકારીઓની લવચિક લાલચનો લાભ લઈને તેમને સૌ પ્રથમ હવાના ઊંચા મિનારા પર ચડાવી દે છે અને પછી

**અનુસંધાન પાના નં. ૭ પર**

# લબો પે ઉસકે કભી બદદુઆ નહિ હોતી, બસ એક મા હૈ જો મુજસે ખફા નહિ હોતી...!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

'દેખા કરો કભી અપની માં કી આંખોમે, યે વો આયના હૈ જિસમેં બચ્ચે કભી બુઢે નહિ હોતે '' કોઈ અજ્ઞાત શાયરનો આ દમદાર શેર જ કાફી છે માં ના આખાયે વ્યક્તિચિત્રણ માટે. સહી હૈ ના ભાઈલોગ, માં ની આંખમાં બાળક ક્યારેય બુઢ્ઢો નહિ થાય, ગમે એટલો મોટો (ઉમરમાં) કે મહાન (જીવનમાં) થઈ ગયું હોય તોય બાળક તો માં પાસે મરતે દમ તક હમેશા નાનો જ રહેવાનો.માં ચાહે ઘરડી થઈ ગઈ હોય કે યુવાન હોય, એનો હલકો માત્ર સ્પર્શ કાફી છે સંતાનને એ અહેસાસ કરાવવા માટે કે 'મૈ હું અભી'..! જી હા માં નું હોવું એ જ એક એવો અહેસાસ છે કે પછી કદાચ ભગવાન છે કે નહિ એનો અહેસાસ કરવાની જરાયે જરૂર રહે જ નહિ...! ઈન્ફેક્ટ ભગવાને પણ પ્રેમનું સર્જન કર્યું હશે ત્યારે સૌથી પ્રથમ માતા બનાવવાનું વિચાર્યું હશે! અરે વિચાર્યું શું કામ? મા એ જ તો છે ઈશ્વરની પ્રીતીનીધી...ઈશ્વર જ ગણી લ્યો...! એક યહૂદી કહેવત છે કે ઈશ્વર સદેહ બધે પહોંચી શકે નહિ તેથી તેણે માતાનું સર્જન કર્યુ. મા ના ખોળામાં જગત આખાનું સુખ. મકરંદ મુસળેનો શેર છે કે ''બાને ચરણે પ્રણામ બાકી છે, લાગે છે ચારધામ બાકી છે''માતાના ચરણ એ જ ચારધામની જાત્રા...! ક્યાય જાવાની જરૂર જ નહિ..!

'માં એટલે માં અને બીજા વગડાના વા' જી હા, મા ની તોલે કોઈ ના આવે. મા આ એક શબ્દ બોલતા જ મોઢું ભરાય જાય, હૈયું ભરાય જાય અને જો મા દુર હોય કે સાવ ના હોય તો આંખ્યું ભરાય જાય એવું અદ્ભુત આવરણ અને યાદ છે મા. એનું કારણ છે કે બાળક બોલતા શીખે ત્યારે પહેલો શબ્દ હોય છે 'મા'..!! 'મા' આ એક પ્રથમ બોલાયેલા શબ્દથી બાળકનું વિશ્વ શરુ થાય છે અને સદભાગી હોય એને વર્ષો સુધી અનંત, અસ્ખલિત પ્રેમ અને વ્હાલ મળતું રહે છે. ગમે એટલા મોટા થઈ જાવ કે ગમે એટલા દુર હોવ તો પણ કવિ દુલા ભાયા કાગ કહે છે એમ 'મોઢે બોલું 'માં', સાચેય નાનક સાંભરે;મોટપની મજા, મને કડવી લાગે કાગડા! માં એટલે સદાયે સાથે ચાલતું કવચ, માં એટલે એક એવું અભેદ સુરક્ષાચક્ર કે જેને છેદવું દુનિયાની મુશ્કેલીઓ માટે અઘરું છે. મુન્નવર રાણાનો આ શેર વાંચો 'અભી જિન્દા હૈ માં મેરી, મુજે કુછ ભી નહિ હોગા ; મૈ જબ ઘર સે નીકળતા હું દુઆ ભી સાથ ચલતી હૈ' માં ની દુઆ, આશીર્વાદ સદાયે સંતાનો પર વરસતા રહેતા હોય છે, ચાહે મા સદેહે હોય કે ના હોય. સુખડના હાર પાછળ છુપાયેલી મા ની તસ્વીર પાસે હાથ જોડીને ઉભા રહો પછી જોજો ગમે એવી મુશ્કેલીમાંથી માર્ગ નીકળી જશે. એ અજરામર છે, એ શાશ્વત છે...! મા દેહથી મરતી હોય છે પણ એના આશીર્વાદ તો અમર રહેતા હોય છે... એનું માતૃત્વ સદાયે આપણી સાથે રહેતું હોય છે અને એવી રીતે મા જીવતી હોય છે આપણામાં ! 'જબ ભી કશ્તી મેરી સૈલાબ મેં આ જાતી હૈ, માં દુઆ કરતી હુઈ ખ્વાબમે આ જાતી હૈ'...!

મેં મહિનાના બીજા રવિવારે 'મધર્સ ડે 'યાની કે 'માતૃ દિવસ' ઉજવાય છે '..ઠીક છે પશ્ચિમી સંસ્કૃતિ મુજબ આ ઉજવણી કરાય પણ આપણે તો મા નો મહિમા અનાદીકાળથી ગાઈએ જ છીએ ને..!! અને મા નું ઋણ ચુકવવા કે 'માં આઈ લવ યુ' કહેવા એક દિવસ થોડો કાફી છે ? એના માટે તો જન્મોજન્મ ઓછા પડે..! પણ સારું છે કમસે કમ એ બહાને પણ મોમને થેન્ક્સ તો કહી શકો છો...ખોટું શું છે ? હાલાકી આજકાલના કોન્વેન્ટીયા કિડ્સ તો વાતેવાતે થેન્ક્સ કહેતા જ હોય છે પણ મા નું ઋણ, એના વાત્સલ્યની કદર કરી શકે એવા કોઈ શબ્દો હજુ સુધી કોઈ ડીક્ષનરીમા નોંધાયા નથી...! જો કે માં ક્યા કોઈ દિવસ થેન્ક્સની અપેક્ષા રાખતી હોય છે ? એ તો કશી જ અપેક્ષા વગર કુટુંબ અને ખાસ તો બાળકોની દરકાર રાખ્યે જ જવાની...! મા, બા. મમ્મી, મોમ, મધર... ચાહે કોઈ નામથી પુકારો પણ અંતે તો અર્થ એક જ થવાનો...વાત્સલ્ય... વહાલ... પ્રેમ... લાગણી...! રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે 'માનો અર્થ દુનિયાની બધી જ ભાષામાં મા થાય છે!' મા એટલે મૂંગા આશીર્વાદ, બોલે ઓછું અને સંતાનની સફળતાની કામના વધારે કરે. તમે એની આંખોમાં વાંચી શકો તો ખબર પડે કે સંતાનના દુખ કે સુખની કેટલી ફિકર કે હરખ એને થાય છે. કોઈ પણ હાલતમાં મા હમેશા પોતાના સંતાનોનો ખ્યાલ અને દરકાર રાખતી રહે છે અને યસ આમાં મોર્ડન મમ્મીઓ પણ આવી જ જાય. જમાનો બદલાયો છે, કદાચ માં થી મમ્મી થવામાં દુનિયાની સાથે ચાલવાને લીધે મોડર્ન મમ્મીઓમાં વાત્સલ્ય થોડું ઓછું થયું હશે પણ બાળકની દરકાર કે સંભાળમાં કોઈ કમી નહિ જ આવી હોય. મિત્ર ભાવેશ ભટ્ટ લખે છે એમ 'ભલે ભર-ઊંઘમાં હો, તોય થાબડતી એ બાળકને!, જગતની સર્વ માને થાકવામાં જોર આવે છે'

પિતાને કહેતા અચકાતી કોઈ પણ વાત મા ને કહી શકો અને મોટાભાગના બાળકો માતાની જ વધુ ક્લોઝ હોય છે કારણ કે મા બીજા કરતા એના બાળકને નવ મહિના વધુ ઓળખતી હોય છે. બાળકનો ચહેરો જોઈને જ જાણી જાય કે કઈક મુશ્કેલી છે એ મા..! અને મજાની વાત એ છે કે ગમે એવી અભણ મા પાસે પણ કોઈ પણ મુશ્કેલીનો હલ હાજર જ હોય, રસ્તો કાઢી જ આપે...! મા એટલે બચપણથી જ દરેક તકલીફોનો રામબાણ ઈલાજ...! અરે બચપણથીજ શુકામ ? છેક સુધીના અઘરા સવાલોની અપેક્ષિત/ગાઈડ એટલે મા...! મા એટલે અસ્ખલિત, અપાર, અનંત મમતાનો હીંચકો જેના પર તમે જન્મથી મૃત્યુ સુધી એકસરખા આનંદથી ઝૂલી શકો... મા એટલે હૃદયનો ધબકાર., જન્મ્યા ત્યારે મા ના ધબકારોએ તમને જીવન આપેલું હોય છે અને એ ધબકારો મા ના ગયા પછી પણ તમારા જીગરમાં ધબક્યા કરે... મા એટલે ઘેઘુર વૃક્ષની છાયા, જેની નીચે તમે સંસારના દુઃખરૂપી તડકાઓથી રાહત મેળવો છો... મા એટલે અમૃતકુંભ, જેમાંથી બચપણથી કશુક નવીન, કશુક અનોખું નીકળ્યા જ કરે... નીકળ્યા જ કરે...મા એટલે કુટુંબની સૂત્રધાર, આખાયે કુટુંબને મજબુતીથી એક તાંતણે બાંધી રાખે એ મા...મા એટલે જીવનનું સંગીત, સમજણ નું સંગીત, પ્રેમનું સંગીત...મા એટલે સુખદુઃખની સાથી...મા એટલે વહાલની પરિભાષા...મા એટલે અદભૂત શક્તિ... મા એટલે સર્વસ્વ...પોતામાંથી અનેકોમાં વહેચાઈ જાય એ મા... મા એટલે ... જન્મતા જ સ્ફુરેલો શબ્દ સંચારનો પહેલો અક્ષર...મા એટલે... પારણાથી પા પા પગલી સુધીની અને પા પા પગલીથી સમાજની સડકો પર પુરપાટ દોડવાની તાલીમ આપતી યુનીવર્સીટી...! મા એટલે...

મા વિષે તો જેટલું કહો, લખો, બોલો એટલું ઓછું છે પણ આજે મધર્સ ડે – માતૃ દિવસ છે ત્યારે એટલું જરૂર કરજો કે મા પાસે બેસવાનું – વાતો કરવાનું અને એને મદદ કરવાનું વધારજો. મા ની હયાતી હોવી એ શું છે એ જાણવું હોય તો જેની મા નથી એવા કોઈને મળી લેજો – ખ્યાલ આવી જશે કે મા ની હયાતી હોવી એ કેટલી સૌભાગ્યની વાત છે. આજે તો હૂતો-હુતીના ફેમીલીવાલો કોન્સેપ્ટ ચલણમાં છે ત્યારે એટલીસ્ટ આજના દિવસે મા ને કમસે કમ એ વાતનો અહેસાસ કરાવજો કે ભલે જિંદગીની કશમકશમાં આપણે બંને દુર પડી ગયા હોઈએ પણ 'આઈ લવ યુ મા..!' એને સદા સન્માનીએ. કદી એની આંખોમાં આંસું ન આવે તે જોવા એક સાચા સંતાન બની રહીએ અને ઉદાત્ત જીવન જીવવાનો ગર્વ થાય એવા સંતાન બની રહીએ એ જ સાચો 'માતૃદિવસ ..!' આજે વૃદ્ધાશ્રમો મમતાનો આખરી વિસામો બની જતા જાય છે ત્યારે એની હયાતીમાં એની પાસે બેસી લેજો, એની અમીભરી નજર માણી લેજો, એના મૂંગા આશીર્વાદ અંતરમાં ભરી લેજો પછી એના ગયા પછી કરોડો રૂપિયા ખર્ચવા છતાયે એ ખોળો, એ આશીર્વાદ, એ અમીનજર, એ હુંફ, એ લાગણી, એ નેહ નહિ જ મળે એ હકીકત છે...! માતૃદેવો ભવ...!

વિસામો : ''મા, વેકેશન એટલે શું ? મને શું ખબર બેટા, હું તો મા છું...!''

– વાયા વોટ્સઅપ